ગાંધીનગર સમાચાર

ફીલ્મનો શો અડધો કલાક મોડો શરૂ થતા પ્રેક્ષકો વિફર્યા

# ક્ષત્રિય મહાસભા અનામત મામલે મેદાનમાં



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૬

સમાજમાં અનામત એ જાતિ આધારિત નહી પણ સમાજના જે તે વર્ગની આર્થિક પરિસ્થિતિને આધારે આપવું જોઈએ તેવી માંગ સાથે સત્યાગ્રહ છાવણી ખાતે ક્ષત્રિય મહાસભાએ એક દિવસના પ્રતિક ઉપવાસ કર્યા હતા.

ગાંધીનગર શહેરમાં હાલ અનામતની રેલીની મોસમ ખીલી છે. દરરોજ એકાદ સમાજ પોતાના અનામતની માંગ સાથે ગાંધીનગર શહેર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે રેલી સ્વરૂપે આવે છે. પાટીદારોની અનામતની માંગ ઉગ્ર બની છે. ત્યારે હવે અનામતની માંગ માટે ક્ષત્રિય સમાજ પણ સર્વ સમાજના હિતાર્થે મેદાને આવ્યું છે.

ક્ષત્રિય મહાસભા અને લલકાર ગૃપના ૧૦૮ જેટલા સભ્યાએ એક દિવસના પ્રતિક ઉપવાસ સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ ખાતે કર્યા હતા. જેમાં ગુજરાતમાં અનામત જાતિ આધારિત નહી પણ સમાજની આર્થિક પરિસ્થિતિને આધારે આપવું જોઈએ તેવી માંગ કરવામાં આવી હતી.

રાજપૂત સમાજના યુવાનો દ્વારા સર્વે સમાજના હિતાર્થે શરૂ કરવામાં આવેલ અનામતને સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત દ્વારા સમર્થન આપવામાં આવ્યું.

ક્ષત્રિય સમાજની અનામતની માંગ સાથેનુંઆવેદનપત્ર પણ કલેક્ટરને આપવામાં આવ્યુંહતું. જેમાં અનામત બાબતે નોંધ લેવામાં નહી આવે તો મહારેલી યોજી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે અને ક્ષત્રિય સમાજ સાથે અન્ય સમાજ પણ જોડાશે તેમ ક્ષત્રિય મહાસભાએ જણાવ્યું હતું.

# કડી કેમ્પસની ફાર્મસી કૉલેજમાં આજથી એપોકેલિપ્સ-૨૦૧૫

ગાંધીનગર તા ૬

કડી કેમ્પસ સ્થિત કે બી ઈન્સ્ટીટયુટ ફાર્મસી કોલેજ દ્વારા આજથી એપોકેલીપ્સ ૨૦૧૫ નુ આયોજન કરવામાં આવ્યુ છે. ફાર્મસી થીમ પર આધારિત આ ઉત્સવ અન્વયે રાજયની ૧૫ જેટલી કોલેજના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ વિવિધ ફાર્મા બેઈઝ સ્પર્ધામાં ભાગ લેશે. તા ૭ અને ૮ ઓગષ્ટના આ બે દિસસીય કાર્યક્રમ દરમિયાન ફાર્મા મોડેલીંગ, બોલ ફાર્મા બોલ, કવીઝ ,કેસ સ્ટડી જેવી સર્જનાત્મક ઈવેન્ટમાં ભાગ લેશે.

સે- ૨૩ કડી કેમ્પસની કે બી ઈન્સટીટયુટ દ્વારા ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ માટે એપોકોલિપ્સ-૨૦૧૫ નુ આયોજન કરવામાં આવ્યુ છે.સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૦ થી આ પ્રકારની ઈવેન્ટના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિ નિખરે તેવા આશયથી વિવિધ સ્પર્ધા

**ફાર્મસીના વિદ્યાર્થીઓ વૈવિધ્યસભર કૃતિઓ રજુ કરશે : ગાંધીનગર ઉપરાંત રાજયની વિવિધ કોલેજના ૪૫૦ વિદ્યાર્થીઓ ફાર્મા બેઈઝ ૧૨ ઈવેન્ટમાં ભાગ લેશે. સર્જનાત્મક શકિત નિખરશે**

યોજવામાં આવે છે. જો કે આ કાર્યક્રમનુ આયોજન વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવે છે. જયારે ફેકલ્ટીઝ તેમાં જરૂરી માર્ગદર્શન પુરુ પાડે છે. સંસ્થાના આચાર્ય ડો જી બી શાહે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે કડી કેમ્પસમાં છેલ્લા ૨૦ વર્ષથી ફાર્મસી કોલેજ વિદ્યાર્થીઓને શિક્ષણ પુરુ પાડે છે. જયારે દરવર્ષે સંસ્થા દ્વારા ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓને ક્ષમતા પ્રદર્શન કરવા માટે માધ્યમ પુરુ પાડવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# મોઝામ્બીકના રાષ્ટ્રપતિએ અરવિંદ મીલની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૬

ગુજરાતની મુલાકાતે આવેલા મોઝામ્બીકના રાષ્ટ્રપતિએ પોતાના ડેલીગેશન સાથે સાંતેજ ખાતે આવેલ અરવિંદ મીલની મુલાકાત લઈ ટેક્ષટાઈલ્સ ક્ષેત્રની આધુનિક ટેકનોલોજી અંગે માહિતી મેળવી હતી.

મોઝામ્બીક દેશના રાષ્ટ્રપતિ શ્રી ફીલીપે જેસીન્ટો યુસીએ અરવિંદ લીમીટેડની મુલાકાત લઈ રાજ્યના ટેક્ષટાઈલ ઉદ્યોગના વિકાસથી ખુબજ પ્રભાવિત થયાં હતા.

અરવિંદ લી.ના સીએમડી શ્રી સંજયભાઈ લાલભાઈએ તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરીને આવકાર્યા હતા. મેનેજીંગ ડીરેક્ટર શ્રી પુનીત એસ. લાલભાઈએ પ્રેઝન્ટેશન દ્વારા મોઝામ્બીકના રાષ્ટ્રપતિ અને તેમના સાથે આવેલા મંત્રીમંડળના સભ્યો

● અનુસંધાન પાન-૭ પર

# સિને મેકસમાં ફીલ્મનો શો અડધો કલાક મોડો શરૂ થતા પ્રેક્ષકો વિફર્યા

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના મલ્ટીપ્લેકસ થિયેટરોમાં હમણાં ભારે ભીડભાડ જોવા મળે છે. રોજબરોજ ઘણાં ખરા પરિવારજનોને હાઉસ ફુલના પાટીયાના લીધે ટીકીટ પણ નસીબ થતી નથી. બાહુબલી અને બજરંગી ભાઈજાન તેમજ દ્રશ્યમ સહિતની હીટ ફીલ્મોના લીધે સિનેમા ઘરોની ટિકીટ બારીએ તેજીનો તડાકો જોવા મળે છે. જેના પરિણામે કેટલાક ઠેકાણે નિતનિયમો નેવે મુકાતા આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હોવાની બુમ પણ ઉઠવા પામી છે. ગઈકાલે નગરના સે-૧૧ માં સ્થિત સિને મેકસમાં રાત્રિના શો દરમિયાન નિયત સમય કરતા ફીલ્મ અડધો કલાક મોડી શરૂ થતા શ્રોતાઓ ત્રાહીમામ પોકારી ગયા હતા. કંટાળેલા ફીલ્મ રસિકોએ આખરે હોબાળો મચાવ્યો હતો. થિયેટરની કેટલીક સીટો પણ ફાડી નાંખી હતી. નગરમાં હીટ ફીલ્મોના દૌર દરમિયાન સિનેમાઘરોમાં ભારે ભીડ જોવા મળે છે. તગડા ભાવની ટીકીટ ખરીદયા બાદ પણ ફીલ્મ સમયસર જોવા ન મળે ત્યારે દર્શકોનો મિજાજ કઈ હદે વિફરી શકે તેનો પરચો ગતરાત્રી દરમિયાન સિને મેકસના વ્યવસ્થા તંત્રને જોવા મળ્યો હતો. રાત્રિના સમયે નિયત સમય ગયા બાદ પણ

**રાત્રિના શોમાં નિયત સમયે ફિલ્મ શરૂ ન થતા હોબાળો મચાવ્યો હીટ ફીલ્મોના દૌરથી નગરના સિનેમાઘરોમાં ભીડભાડ સલામતીના પરિબળો સામે પણ પ્રશ્નાર્થ**

અડધો કલાક સુધી ફિલ્મ શરૂ ન થતા ધીરજ ગુમાવી બેઠેલા શ્રોતાઓએ હોબાળો મચાવી દીધો હતો.ફીલ્મ શરૂ થવાની વાટે કંટાળી ગયેલા ફિલ્મ રસિકોએ થિયેટરની સીટને પણ નુકશાન પહોંચાડ્યુ હતું. પિક્ચરની રાહે ત્રસ્ત બનેલા શ્રોતાઓ સિનેમા ગૃહની

● અનુસંધાન પાન-૭ પર



**વરસાદી ગંદકી યથાવત -** વરસાદ બાદ ગાંધીનગરમાં ફેલાયેલો ઝાડ-પાનનો કચરો તથા ઠેર ઠેર પડી ગયેલા વૃક્ષોની હજુ સુધી સાફ-સફાઈ ન થતાં ગાંધીનગરમાં ગંદકી જોવા મળી રહી છે. વરસાદ બાદ ફેલાયેલા કચરાને સાફ કરવા માટે વધુ એક સ્વચ્છતા ઝુંબેશ ચલાવવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે. જુલાઈ માસના અંતમાં ગાંધીનગરમાં તોફાની વરસાદ વરસ્યો હતો. જોરદાર પવન ફૂંકાતા શહેરમાં અનેક વૃક્ષોનો સોથ વળી ગયો હતો. વરસાદ બંધ થયે અને ઉઘાડ નીકળે દસેક દિવસ થયા હોવા છતાં હજુ સુધી શહેરમાં ફેલાયેલો કચરો અને ગંદકી દૂર કરવામાં આવી નથી. (તસવીર : કશ્યપ નિમાવત)



## સને ૧૯૮૨ના ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો તથા નામદાર હાઈકોર્ટમાં દાખલ થયેલી રીવ્યુ પીટીશન એમ.સી.એ. નં. ૨૧૭૨/૨૦૧૫ અન્વયે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરની તા. ૭/૮/૨૦૧૫ના રોજની કામ ચલાઉ મતદાર યાદીની પ્રસિદ્ધિ અંગેની નોટીસ

### નમુનો-૧

**(જુઓ નિયમ-૬)**

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ તથા ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો : ૧૯૮૨ અન્વયે સરકારશ્રીના ખેત, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગની તા. ૨૯/૯/૧૯૯૪ની અધિસુચના ક્રમાંક : જીએચએએસ - ૧૦૯૪ - ૪૨ - સી.એસ.એ. - ૧૦૯૩ - ૨૨૭૨-છ થી કાયદાની કલમ-૧૪૫ (બી) (એ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર.વી. વ્યાસ (જી.એ.એસ.), સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી, ગાંધીનગર. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરની ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) અધિનિયમ-૨૦૧૫ મુજબ વિગતવાર મતદાર મંડળી મુજબની કુલ-૦૧ (એક) થી ૮ (આઠ) વિભાગવાળી મતદાર યાદી અંગે નીચે જણાવેલ અનુસૂચિનો કાર્યક્રમ જાહેર કરું છું.

| અ.નં. | વિગત | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| (૧) | મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ | તા. ૭/૮/૨૦૧૫ | ૧૧.૦૦ કલાક | (૧) જિલ્લા કલેક્ટરશ્રી, ગાંધીનગર કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન સેક્ટર-૧૧, ગાંધીનગર (૨) પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર (૩) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગર 'બી' બ્લોક, સહયોગ સંકુલ, ૬ઠ્ઠો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર (૪) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર |
| (૨) | મતદાર યાદી અંગે વાંધા રજૂ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૧/૮/૨૦૧૫ | ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી | પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| (૩) | મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ | તા. ૨૭/૮/૨૦૧૫ | ૧૭.૦૦ કલાકે | (૧) જિલ્લા કલેક્ટરશ્રી, ગાંધીનગર કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન સેક્ટર-૧૧, ગાંધીનગર (૨) પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર (૩) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગર 'બી' બ્લોક, સહયોગ સંકુલ, ૬ઠ્ઠો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર (૪) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર |

આ મતદાર યાદી આઠ મતદાર મંડળોની છે. આઠ મતદાર મંડળ ઉપરાંત ૯ થી ૧૨ નંબરના ડિરેક્ટર માટેના મતદાર મંડળો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. આ મહિલા માટેના ચાર અનામત મંડળોમાં મહિલા ચેરમેનશ્રીઓ જ ઉમેદવારી નોંધાવી શકશે તેમજ ચાર અનામત બેઠકો માટે ૧ થી ૮ મતદાર મંડળના તમામ સભાસદ મંડળીઓના ચેરમેનશ્રી / અધિકૃત પ્રતિનિધિશ્રીઓ મતદાન કરશે.

ન.પીઓ/એડીએમ/મધુર ડેરી / વશી. ૨૫૧૪ થી ૨૫૧૯/૨૦૧૫
ચૂંટણી સત્તાધિકારી અને પ્રાંત અધિકારી
ગાંધીનગરની કચેરી, બીજો માળ,
જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર
તા. ૭/૮/૨૦૧૫

**સહી/-**
**(આર. વી. વ્યાસ)**
**ચૂંટણી સત્તાધિકારી,**
**ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.,**
**અને**
**પ્રાંત અધિકારી, ગાંધીનગર**


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com